# અરવલ્લી જિલ્લામાં શ્રીકાર વર્ષા

## મેઘરાજા મનમુકીને વરસ્યા : ૪૮ કલાકથી ધીમીધારે અવિરત વરસાદ

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાં મેઘમહેર સતત ૪૮ કલાકથી ચાલુ રહેતા જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતા મેઘરાજા મનમુકીને વરસતા જિલ્લાના ભુમિપુત્રો હરખઘેલા બન્યા છે. ૪૮ કલાક વરસાદથી જિલ્લાના અનેક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા સુધી ધીમીધારે વરસાદ વરસવાનુ યથાવત રહેતા જિલ્લાના પ્રજાજનોમાં આનંદ છવાયો હતો. જિલ્લાના વાતાવરણમાં સરક્યુલેશન દબાણ સુધી જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં અવિરતપણે સતત ધીમી ધારે અને ઝરમર વરસાદ ચાલુ રહેતા જિલ્લાના વાતાવરણમાં ઠંડકની લહેર ભરાતા સમસ્યા સર્જાઈ છે. અરવલ્લી જિલ્લા સહિતના વિવિધ વિસ્તારોમાં આગામી ૨૪ કલાકમાં હવામાન ખાતાએ રેડ એલર્ટ જાહેર કરતા





જિલ્લાના વાતાવરણમાં ઠંડક પ્રસરવાની સાથે સાથે નદી, નાળા, તળાવોમાં સતત વરસતા ધીમી ધારના વરસાદથી નવા નીર આવ્યા હતા. જિલ્લાના ડેમોમાં નવી પાણીની આવક શરૂ થતા જિલ્લામાં પ્રવર્તી રહેલી પાણીની તંગીનો હાલ પુરતો હલ આવી ગયો છે. સતત બે દિવસથી જિલ્લામાં મેઘમહેર સતત ૪૮ કલાક રહેતા જિલ્લાના મેઘરજ તાલુકામાં ૮ ઈંચ, માલપુર-મોડાસામાં ૪ ઈંચ, બાયડ, ધનસુરા તેમજ ભીલોડામાં ૨૪ કલાકમાં ૩ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી ચોમાસાની ઋતુ જામી રહી છે. સતત ૪૮ કલાકથી વધારે સમય પ્રસરી છે. ૪૮ કલાકથી વરસતા વરસાદના આંકડાથી જિલ્લાના ભૂમિપુત્રોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. એકધારા વરસી રહેલા વરસાદથી મેઘરજ નગર સહિત મોડાસા, ધનસુરા સહિત અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી પ્રજાજનો હાલાકી અનુભવી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં સોમવારે રાત્રીના સમયે મેઘગર્જના સાથે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. લોપ્રેસર સાયક્લોનીક સરક્યુલેશનમાં પરીવર્તીત થઈ જતા અરવલ્લી જિલ્લાનું ડિઝાસ્ટર તંત્ર મેઘરાજાના વરસવાથી નિર્માણ થતી સ્થિતિને પહોંચી વળવા સજ્જ હોવાનું તંત્ર દ્વારા કહેવાઈ રહ્યું છે. જિલ્લાના તમામ જળાશયોમાં સતત વરસતા વરસાદથી પાણીની સારી એવી આવક નોંધાવા પામી છે.

## વાત્રક નદી બે કાંઠે

### મેઘરજ વરસાદથી ચેક ડેમો પાણીથી ઉભરાયા

મેઘરજ, તા. ૧૩

મેઘરજ તાલુકામાં સતત બે દિવસથી ધોધમાર વરસાદના કારણે ખાલી પડેલ તળાવો, ચેકડેમો અને નદીઓ પાણીથી છલોછલ ભરાઈ ગયા છે.

મેઘરજ તાલુકામાં મુખ્ય નદી વાત્રકમાં પાણીનું પુર આવ્યુ છે. જ્યારે તાલુકાના તમામ નાના-મોટા

જેમાં મેઘરજ તાલુકાની જીવાદોરી સમાન વૈડી ડેમની પાણીની સંગ્રહશક્તિ ૩૨૭ એમ.સી.એફ.ટી. છે. તે પૈકી હાલ વૈડી ડેમમાં ૫૬.૯૨ એમ.સી.એફ.ટી. પાણીનો સંગ્રહ થયેલ છે. જેમાં પાણીનો હાલનો જથ્થો ૧૮ ટકા થવા પામેલ છે. બે દિવસમાં મેઘરજનો સરેરાશ વરસાદ ૯ ઈંચ થયો છે.



તળાવો અને ચેકડેમો ભરાઈ જતા ખેડૂતોમાં હર્ષની લાગણી વ્યાપી છે. સાથે સાથે વાંધા ઉપરના તમામ ચેકડેમો પાણીથી ઉભરાયા છે.

જ્યારે વાત્રક નદી બે કાંઠે વહી રહી છે. નજીકના ગામડાની પ્રજા નદીના વહેતા નીરને નીહાળવા ચાલુ વરસાદે નદી કાંઠે એકઠા થયેલા જોવા મળે છે.

## બાયડ લૂંટ પ્રકરણના આરોપી ૨૪ કલાક પછી પણ પોલીસ પકડથી દૂર

બાયડ, તા. ૧૩

બાયડ તાલુકા પંચાયત સામેની ૩૭ લાખની લૂંટના પ્રકરણમાં ૨૪ કલાક પછી પણ આરોપીઓ પોલીસ પકડથી દૂર છે. ત્યારે પોલીસની કામગીરીને લઈ અનેક સવાલો ઉઠવા પામ્યા છે.

બાયડની રેડીયમ કેશ મેનેજમેન્ટ કંપનીના કર્મચારી ફકીર મહમદહુસેન એલ.આઈ.સી. યુનાઈટેડ ઈન્ડિયા અને ગ્રામ શક્તિ ફાયનાન્સની રૂ. ૩૭ લાખની રોકડ લઈ મોડાસા બેંકમાં ભરવા જતા હતા અને રીક્ષાની રાહ જોઈ ઉભા હતા. ત્યારે બે બાઈક પર આવેલા બુકાનીધારી ચાર શખ્સોએ તીક્ષ્ણ હથિયાર બતાવી મરચુ નાખી રૂ. ૩૭ લાખનો થેલો ખેંચી લૂંટ ચલાવી હતી. ફિલ્મી ઢબે બાઈક પર પુરપાટ ઝડપે પલાયન થઈ ગયા હતા. આ લૂંટની ઘટના મામલે પોલીસે ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી અને જિલ્લાભરમાં નાકાબંધી કરી હતી તેમ છતાં આરોપીઓ પોલીસને ચકમો આપી છટકી ગયા હતા.

પોલીસ ઘટનાની કડી શોધવા ડૉગ સ્કવોર્ડની મદદથી લઈ લૂંટનુ રિ-કન્સ્ટ્રક્શન પણ કરવામાં આવ્યુ હતુ. જ્યારે આ સમગ્ર લૂંટ પ્રકરણમાં આરોપીને જલદી શોધી કાઢવા બાયડના સી.પી.આઈ. એચ.જે. બેંકરે સીસીટીવીના કુટેજને આધારે જીણવટભરી તપાસ હાથ ધરી છે. જિલ્લા પોલીસતંત્ર લૂંટના આરોપીઓને કેટલા સમયમાં ઝડપી પાડશે તેની ચર્ચાએ જોર પકડ્યું છે.

## પોશીનામાં એક અને તલોદમાં અડધો ઈંચ વરસાદ : અન્યત્ર છાંટા

### હિંમતનગર, પ્રાંતિજ, તલોદ સહિતના અન્ય સ્થળે વાદળછાયા વાતાવરણથી ગરમી ઘટી

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસથી ધીમીધારે પડી રહેલા વરસાદને કારણે ગરમીમાં ઘટાડો થયો છે ત્યારે બુધવારે દિવસ દરમિયાન પોશીના તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ પડયો હતો. જોકે જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, તલોદ સહિતના અન્ય વિસ્તારોમાં સામાન્ય છાંટા પડયા હતા.

ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ બુધવારે સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધીમાં સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં ૨૬ મીમી, હિંમતનગરમાં ૫ મીમી, ઈડરમાં ૭ મીમી, પ્રાંતિજમાં ૫ મીમી, જયારે તલોદમાં ૧૯ મીમી વરસાદ નોંધાયો હતો. તો બીજી તરફ જીલ્લામાં છેલ્લા ચોવીસ કલાકમાં હિમતનગરમાં ૩ ઈંચ, ઈડરમાં ૭ ઈંચ, ખેડબ્રહ્મામાં ૨ ઈંચ, પ્રાંતિજમાં ૨ ઈંચ, તલોદમાં ૨.૫ ઈંચ, વડાલીમાં ૩ ઈંચ અને વિજયનગરમાં ૧.૫ ઈંચ વરસાદ નોધાયો હતો. ઈડર તાલુકાના ઉમેદગઢ પંથકમાં મંગળવારે સાંજે પડેલા વરસાદને કારણે જાદરની ડેભોલ નદીમાં નવા નીર આવ્યા હતા. જોકે પોશીના તાલુકામાં એક ઈંચ વરસાદ પડયો હોવા છતાં નદી, નાળામાં નવા પાણીની આવક થવા પામી ન હતી.

હિંમતનગરમાં બુધવારે દિવસ દરમિયાન સામાન્ય છાંટા પડયા હતા. જેના કારણે માંખી, મચ્છરોનો ઉપદ્રવ વધવાની શકયતા છે. વાદળછાયા વાતાવરણને કારણે હજુ પણ વધુ વરસાદ થવાની શકયતા નકારી શકાતી નથી. જોકે ખેડબ્રહ્મા, વડાલી અને વિજયનગરમાં બુધવારે દિવસ દરમિયાન વરસાદ પડયો ન હતો.

### આરોગ્ય કેન્દ્રનો કોટ પડ્યો

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના આરોડા ગામમાં નવીન બનાવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો મંગળવારે તાલુકામાં વરસેલ સાત ઈંચ વરસાદને કારણે કોટ પડી ગયો હતો.

## તલોદના મુખ્ય બજારમાં વરસતા વરસાદમાં તંત્ર દ્વારા દબાણો દૂર કરાયા

તલોદ, તા. ૧૩

તલોદ તાલુકામાં મુખ્ય બજારમાં ખડખાયેલા ગેરકાયદેસર અધિકારીની હાજરીમાં નગરપાલિકા સ્ટાફે આ કામગીરી હાથ ધરીને આશીંક દબાણો દૂર કર્યા હતા. હાથ ધરવામાં આવી હતી. જો કે તંત્ર તરફથી કરવામાં આવેલી આ કાર્યવાહી 'નાટ્યાત્મક' રીતે થઈ



લારી-પાથરણા અને કેબીનો હટાવી દેવાની કામગીરી આજે સવારે હાથ ધરવામાં આવી હતી.

વરસતા વરસાદમાં પ્રાંત કેટલાક દબાણો સ્વયં દબાણકારોએ હટાવી લીધા હતા તો કેટલાક લારી કેબીનો વાળાએ કરેલા ઓટલા શેડ વગેરે તંત્ર દ્વારા દૂર કરવાની કાર્યવાહી હોવાનું અને સંખ્યાબંધ દબાણોને જૈસે થે...સ્થિતિમાં જ રહેવા દીધા હોવાના મેસેજ દિવસભર સોશ્યલ મિડીયામાં વાઈરલ થતા રહ્યા હતા.




### ડીસામાં બસની ટક્કર અને વીજ થાંભલે કરંટ લગતા ત્રણ અબોલ પશુઓના મોત

ડીસા ના નવા બસ સ્ટેન્ડ માં સોમવારે બપોરે બસ ની ટક્કર થી એક વછરડાનું મોત થતા અરેરાટી મચી હતી જયારે બનાવના પગલે લોકોના ટોળેટોળાં ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા . ડીસા ના નવા બસ સ્ટેન્ડ માં સોમવારે સવારે બસ ની ટક્કરથી એક વાછરડાનું મોત થતા અરેરાટી મચી જાવા પામી હતી.જેમાં કૂચવાડા થી ડીસા મીની બસ ન.જી જે ૧૮ વાય ૪૨૭૩ આવીને ડીસા બસ સ્ટેન્ડ માં ઉભી હતી અને મુશફારોને ઉતર્યા બાદ બસના ચાલકે બસ હંકારતા અચાનક વાછરડું બસના ટાયર નીચે આવી જતા તેનું ઘટના સ્થળેજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું આ બનાવ થી લોકોના ટોળેટોળાં ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા તેમજ જીવદયા પ્રેમીઓમાં અરેરાટી મચી ગઈ હતી. આ સીવાયવરસાદ ના કારણે ઠેર ઠેર વીજ થાંભલા માં ફોલ્ટ થતા શોર્ટ શાકીટ ના બનાવો બન્યા હતા જેમાં નવાવાસ વિસ્તારમાં પણ વીજ થાંભલે કરંટ લગતા બે આખલાના કરૂણ મોત નીપજ્યા હતા

## ખેડબ્રહ્માની રાજસ્થાન નાગરિક સહકારી શરાફી મંડળીના હોદ્દેદારોની વરણી

ખેડબ્રહ્મા,તા. ૧૩

ખેડબ્રહ્મા સ્થિત ધી રાજસ્થાન નાગરિક સહકારી શરાફી મંડળીની બેઠક મંગળવારના રોજ મળી હતી. જેમાં મંડળીના નવા ચેરમેન પદે ચંપકલાલ પ્રજાપતિની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

આ બેઠકમાં વાઈસ ચેરમેન પદે શંકરજી જીવાજી માળી તથા મેનેજીંગ ડીરેક્ટર તરીકે રાજમલ ભુરાલાલ મહેતાની પણ વરણી કરવામાં આવી હતી. નવા વરાયેલા તમામ હોદ્દેદારોને કમીટીના સભ્યો તથા મેનેજર યોગેશ સુથાર તેમજ સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## ડીસા સોની બજારમાં ત્રણ શ્વાનની હત્યા કરનાર આરોપી ઝડપાયો

ડીસા શહેરના સોની બજાર વિસ્તારમાં ત્રણ શ્વાનોની બર્બરતા પૂર્વક હત્યા કરનારો શખ્સ ગણતરીના કલાકોમાં જ પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. ડીસા શહેર ઉત્તર પોલીસે આ શખ્સ સામે પશુ ક્રુરતા અધિનિયમ મુજબ કાર્યવાહી હાથ ધરી કોર્ટમાં રજુ કરવાની તજવીજ આદરી છે.

ડીસા શહેરના સોની બજાર વિસ્તારમાં એક સાથે ત્રણ શ્વાનોની બર્બરતા પૂર્વક હત્યા કરનાર શક્શના દ્રશ્યો સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થઈ ગયા બાત ગઈકાલે સમગ્ર સોની બજાર વિસ્તારના વેપારીઓ અને સ્થાનિક લોકોમાં ભારે રોષ હતો.. જેને પગલે સ્થાનિક વેપારીઓએ પોતાના ધંધા રોજગાર બંદ પાળીને આ ઘટનાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.. આ હેવાનિયત ભર્યુ કૃત્ય આચરનાર શખ્સના કરતૂતો કેમેરામાં કેદ થઈ ગયા હતા. આ ઘટના બાદ પોલીસે સી.સી.ટી.વી. ફૂટેજના આધારે આ ઘટનાની ઊંડી તપાસ કરતા પોતાના બાતમીદારોને સક્રિય કરીને ત્રણ શ્વાનોની હત્યા કરનારા આ શખ્સને



ડીસા નજીકથી પસાર થતી બનાસ નદીમાંથી મોદી રાત્રે ઝડપી પડ્યો છે.. પોલીસના હાથે ઝડપાઈ ગયેલા આ શખ્સનું નામ ઈમરાન મિર્ઝા હોવાનું જાણવા મળ્યું છે અને તે ડીસા શહેરના ડોલીવાસ વિસ્તારનો રહેવાશી છે. પોલીસે ઈમરાન મિરઝાની અટકાયત કરી તેની વિરુધમાં પશુ ક્રુરતા અધિનિયમ મુજબ કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસના હાથે ઝડપાઈ ગયેલા ઈમરાન મિર્ઝાએ ત્રણ શ્વાનોની બર્બરતાપૂર્વક હત્યા કરી હોવાનો સ્વીકાર પણ કરી લીધો છે અને આ હેવાનિયત ભર્યુ કૃત્ય આચરનાર શખ્સની પોલીસે ગણતરીના સમયમાં અટકાયત કરી દેતા લોકોનો પણ રોષ શાંત થઈ ગયો છે.

## ખેડબ્રહ્મામાં મામલતદાર ઓફિસમાં સ્માર્ટ કાર્ડ બનાવવામાં થતી ગેરરીતિ

ખેડબ્રહ્મા,તા. ૧૩

સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકામાં ભારત સરકાર દ્વારા ઈલેક્શન કાર્ડનું આવૃતીકરણ (કલર ચૂંટણી કાર્ડ) બનાવવા માટેની એક યોજના ચાલુ કરવામાં આવી છે. અને તે ખુબજ સરસ સાબીત થતી દેખાઈ રહી છે. પણ સરકારના નિયમ મુજબ આ કાર્ડની ફી નક્કી કરવામાં આવેલ છે. ત્રીસ રૂપિયા પણ ખેડબ્રહ્મા તાલુકામાં કાર્ડ બનાવતા ઓપરેટર તથા અધિકારીઓ ખુલ્લેઆમ મનફાવે તેમ ૪૦ થી ૫૦ રૂપિયા ઉઘરાણી કરવામાં આવતી હોય તેમ ખેડબ્રહ્માના રહિશોની બુમાબુમ થયેલ છે. હવે કાર્ડના વધારાના રૂપિયા ક્યા અને કોણ લે છે અને કોના કહેવાથી આ ઉઘરાણુ થાય છે અને આવુ ક્યા સુધી ચાલશે તે જોવાનું રહ્યું.

વધારે માહિતી મુજબ લાગવગ ધરાવતા મોટા વગ ધરાવતા માણસો માટે એમને ઓફીસે આવવાની જરૂર નથી. માત્ર કાર્ડ આપીને નવું કાર્ડ ઘર બેઠા મેળવવાની પણ અમુક જગ્યાએ ચાલતી વોટ બેંક હવે આ કાર્ડ મેળવવામાં પણ વોટ નક્કી કરતા અમુક વચેટીયા શુ આવનાર ચૂંટણીની તૈયારી કરતા હશે કે કેમ ?

હવે સરકાર દ્વારા ખેડબ્રહ્મા મામલતદાર ઓફિસના જનસેવા કેન્દ્રની મુલાકાત લે અને ઉઘાડી લુટ થતા નરી આંખે જોઈ આવા કાળા કામ બંધ કરાવે તેવી જનતાની માંગ છે.

## મેઘરજ માલપુર બાયપાસ પર બાઈક સ્લીપ ખાઈ જતા ચાલકનું કરૂણ મોત

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના સહયોગ ચોકડી અને મેઘરજ રોડ ચોકડી બાયપાસ રોડ પર ખલીકપુર પોલીસ ચોકીની નજીક મંગળવારની રાત્રીના સમયે પસાર થતો અજાણ્યો યુવાન બાઈક ચાલક વરસાદના લીધે બાઈક પરનો કાબુ ગુમાવતા બાઈક સ્લીપ ખાઈ ગયો હતો. જેથી બાઈક ચાલક ફોર-લાઈન માર્ગ પર બનાવેલ ડિવાઈડર વચ્ચે ઊંધા માથે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે કરૂણ મોત નિપજતા અરેરાટી વ્યાપી ગઈ હતી. હજુ સુધી મૃતક બાઈકચાલક યુવાનના પરિવારજનો દ્વારા પોલીસ ફરિયાદની કાર્યવાહી હાથ ધરવાનું મુનાસીબ ન માનતા પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.